# તાપી ચૂંટણી: ‘નારીશક્તિ’ નિર્ણાયક

**મહિલા** મતદારની સંખ્યા પુરુષો કરતાં વધુ, 2,77,578 પુરુષ સામે 2,93,140 મહિલા મતદાર

**5.70** લાખથી વધુ મતદાર લોકશાહીનો પર્વ ઉજવશે

| મતક્ષેત્ર | કુલ વોર્ડ | નોંધાયેલા વોર્ડ | પુરુષ મતદાર | સ્ત્રી મતદાર | કુલ મતદાર |
|---|---|---|---|---|---|
| નિઝર | 16 | 0 | 27027 | 27565 | 54592 |
| ઉચ્છલ | 16 | 0 | 36191 | 37921 | 74112 |
| વ્યારા | 20 | 0 | 51757 | 55638 | 107395 |
| વાલોડ | 16 | 0 | 30177 | 32364 | 62541 |
| ડોલવણ | 16 | 0 | 35868 | 38060 | 73928 |
| કુકરમુંડા | 16 | 0 | 22449 | 24014 | 46463 |
| સોનગઢ | 18 | 0 | 40955 | 43172 | 84127 |
| ઉકાઇ | 16 | 0 | 33154 | 34406 | 67560 |
| | 134 | 0 | 277578 | 293140 | 570718 |

| ક્રમ | વોર્ડનું નામ | પુરુષ | સ્ત્રી | કુલ મતદાર |
|---|---|---|---|---|
| 1 | આમલગુંડી | 9409 | 9814 | 19223 |
| 2 | બોરખડી | 10923 | 12048 | 22971 |
| 3 | બુહારી | 10093 | 10766 | 20859 |
| 4 | પજંબા | 11237 | 11670 | 22907 |
| 5 | ડોલવણ | 13508 | 14194 | 27702 |
| 6 | ડોસવાડા | 11192 | 11922 | 23114 |
| 7 | કુલવાડી | 11661 | 12451 | 24112 |
| 8 | ગડત | 10976 | 11685 | 22661 |
| 9 | ગુણસદા | 11270 | 12112 | 23382 |
| 10 | કાનપુરા | 10543 | 11395 | 21938 |
| 11 | કમાલછોડ | 9656 | 10327 | 19983 |
| 12 | કરંજવેલ | 9923 | 10602 | 20525 |
| 13 | કેળકુઇ | 10244 | 11031 | 21275 |
| 14 | મોહિની | 12991 | 13407 | 26398 |
| 15 | મોરંબા | 10788 | 11563 | 22351 |
| 16 | નિઝર | 9865 | 10135 | 20000 |
| 17 | પાટી | 11384 | 12181 | 23565 |
| 18 | રાણીઆંબા | 10900 | 11295 | 22195 |
| 19 | સાતકાશી | 10647 | 10624 | 21271 |
| 20 | શાલે | 8470 | 8379 | 16849 |
| 21 | ટોકરવા (સેગુપાડા) | 9454 | 10141 | 19595 |
| 22 | ઉચ્છલ | 10508 | 11205 | 21713 |
| 23 | ઉંચામાળા | 10124 | 10562 | 20686 |
| 24 | વડપાડાનેસ | 12692 | 13309 | 26001 |
| 25 | વાલોડ | 10428 | 11271 | 21699 |
| 26 | વેલદા | 8692 | 9051 | 17743 |
| | **કુલ** | **277578** | **293140** | **570718** |

વાલોડ, વ્યારા: તાપી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી 2026ને હવે ગણતરીના દિવસો બાકી છે. આગામી તા. 26 એપ્રિલ 2026ના રોજ જિલ્લાના કુલ 26 બેઠક અને તાલુકા પંચાયતની 134 બેઠક પર મતદાન થનાર છે. જ્યાં જિલ્લાનાં કુલ 5,70,718 મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

રસપ્રદ બાબત એ છે કે, જિલ્લામાં મહિલા મતદારની સંખ્યા પુરુષો કરતાં વધુ છે. કુલ મતદારમાં 2,77,578 પુરુષો સામે 2,93,140 મહિલા મતદાર નોંધાયા છે. એટલે કે 15,562 જેટલી વધુ મહિલા મતદાર લોકશાહીના પર્વની ઉજવણી કરશે. તાલુકાવાર આંકડાઓમાં વ્યારા તાલુકો સૌથી આગળ છે. વ્યારા તાલુકા હેઠળ આવતી બોરખડી, કાનપુરા, કરંજવેલ, કેળકુઈ અને ઉંચામાળાની 5 બેઠકમાં કુલ 1,07,395 મતદાર નોંધાયા છે. ત્યારબાદ સોનગઢ તાલુકાની આમલગુંડી, ડોસવાડા, રાણીઆંબા અને ટોકરવા-સેગુપડા કુલ 4 બેઠકમાં 84127 મતદાર, ઉચ્છલ તાલુકાની મોહિની, ઉચ્છલ અને વડપાડાનેસુ 3 બેઠકમાં 74112 મતદાર અને ડોલવણ તાલુકાની ગડત, પાટી અને ડોલવણની 3 બેઠકમાં 73928 મતદાર છે.

ઉકાઈ વિસ્તારની ધજાંબા, ગુણસદા અને સાતકાશી એમ 3 બેઠકમાં 67560 વાલોડ તાલુકાની કમાલછોડ, વાલોડ અને બુહારી એમ 3 બેઠકમાં 62541 નિઝર તાલુકાની નિઝર, શાલે અને વેલદા 3 બેઠકમાં 54592 જ્યારે કુકરમુંડા તાલુકાની મોરંબા અને ફુલવાડી 2 બેઠકમાં 46463 મતદાર નોંધાયા છે.

નોંધનીય છે કે, તાપી જિલ્લા પંચાયતની સૌથી મોટી બેઠક ડોલવણ છે, જ્યાં કુલ 27702 મતદાર નોંધાયેલા છે. જ્યારે મોહિની, ડોસવાડાગામ, કુલવડા, પાટી જેવી બેઠકમાં પણ મતદારની સંખ્યા નોંધપાત્ર છે. તેવી જ રીતે 26 વેલદા બેઠક પર સૌથી ઓછા 17743 મતદાર નોંધાયા છે.

તાલુકા પંચાયત તથા તાલુકાવાર વિગતો પ્રમાણે વ્યારા તાલુકા પંચાયત 20 બેઠક અને સૌથી વધુ 1,07,395 મતદાર સાથે મોખરે છે. જ્યારે સોનગઢમાં 18 બેઠક પર 84,127 અને ઉચ્છલમાં 16 બેઠક પર 74,112 મતદાર નોંધાયા છે. આ ઉપરાંત ડોલવણ 73,928, ઉકાઈ 67,560, વાલોડ 62,641 નિઝર 54,592, અને કુકરમુંડામાં 16 બેઠક પર 46,463 મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા તમામ મતદારને અપીલ કરવામાં આવી છે કે, તા.26 એપ્રિલે સવારે 6 કલાકથી મતદાન પ્રક્રિયા શરૂ થશે, ત્યારે મતદારએ પોતાના નજીકના મતદાન મથકે જઈ ઉત્સાહપૂર્વક મતદાન કરે. તમામ 26 બેઠક પર શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે મતદાન સંપન્ન થાય એ માટે પોલીસ તથા વહીવટી તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# યુવકે ૧૪મીએ કાર ખરીદી ૧૬ તારીખે ચોરાઈ ગઈ!

**૧૭ તારીખે** કીમ પોલીસને ફરિયાદ કરી, છતાં પોલીસની કોઈ કાર્યવાહી નહીં

કીમ: ઓલપાડના કીમ ગામે ગાડી લે-વેચના વ્યવહારમાં છેતરપિંડી અને ચોરીની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. કીમના હસ્તી વિલામાં રહેતા મિતુલ ગોહિલે કોસંબાના હનીફ શેખ મારફતે એક સ્કોર્પિયો ક્લાસિક (GJ-19-CA-0135) ખરીદવાનું નક્કી કર્યું હતું. ગત તા.14/4/2026ના રોજ હનીફ શેખ અને જાવેદ અબ્દુલ રઝાક (દાંતી) ગાડી બતાવવા આવ્યા હતા અને વિશ્વાસ અપાવ્યો હતો કે ગાડી કડોદરાના રાહુલ દેવીપૂજક પાસેથી ખરીદેલી છે. આર.સી. બુક આવવાની બાકી હોવાનું જણાવી સેલ લેટર અને વીમાના કાગળો બતાવી જાવેદ દાંતીએ મિતુલ પાસેથી રૂ.6 લાખ રોકડા મેળવ્યા હતા. આંબેડકર જયંતીની રજા હોવાથી નોટરી લખાણ પછી કરવાનું નક્કી કરી, આ વ્યવહારનો વિડીયો બનાવી મિતુલને ગાડી સોંપવામાં આવી હતી. જો કે, આ સોદો મિતુલ માટે આફત સમાન સાબિત થયો હતો.

## પોલીસની શંકાસ્પદ ભૂમિકા: ચોરીની ફરિયાદ છતાં ગાડી જવા દીધી!

ફરિયાદીના જણાવ્યા અનુસાર કીમ પોલીસ મથકે ચોરીની લેખિત ફરિયાદ આપ્યા બાદ, આ સ્કોર્પિયો ગાડીનો પ્રથમ માલિક (રાહુલ દેવીપૂજક) તે જ ગાડી લઈને પોલીસ મથકે આવ્યો હતો. ફરિયાદી મિતુલ ગોહિલે હાજર પોલીસકર્મીઓને આ અંગે જાણ કરી ગાડીની ઓળખ પણ કરાવી હતી. આશ્ચર્યની વાત એ છે કે, ચોરીની ફરિયાદ હોવા છતાં પોલીસે ગાડી કબજે કરવાને બદલે તેને જવા દીધી હતી. પોલીસની આ કામગીરી સામે હવે અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

## ગાડી લે-વેચ અને ચોરીનું વ્યવસ્થિત કૌભાંડ બહાર આવવાની શક્યતા

પ્રથમ દૃષ્ટિએ આ કિસ્સો કોઈ મસમોટા સુનિયોજિત કાવતરા તરફ ઈશારો કરે છે. ગાડી વેચનાર શખ્સો પાસે મૂળ માલિકના સહી-સિક્કાવાળા નોટરી કરાર હોવા, ગાડી વેચીને લાખો રૂપિયા પડાવવા અને ત્યારબાદ ગણતરીના કલાકોમાં જ ગાડી ફરીથી મૂળ માલિક પાસે પહોંચી જવી, એ ઘણી શંકાઓ જન્માવે છે. આ ઘટનાક્રમ જોતાં ગાડી લે-વેચ, છેતરપિંડી અને ચોરીનું કોઈ મોટું રેકેટ સક્રિય હોય તેવી પૂરેપૂરી શક્યતા છે.

તા.16/4/2026ના રોજ બપોરે મિતુલભાઈએ પોતાની ગાડી સોસાયટીના ગેટ પાસે પાર્ક કરી હતી, જે ગણતરીના કલાકોમાં જ ગાયબ થઈ ગઈ હતી. તપાસ કરતા જણાયું કે ગાડી ચોરી થઈ ગઈ છે. આશંકા છે કે વેચનાર શખ્સોએ ડુપ્લિકેટ ચાવી રાખી લીધી હતી અને મોકો જોઈ ગાડી હંકારી ગયા હતા. ભોગ બનનાર મિતુલ ગોહિલે સીસીટીવી ફૂટેજ, વિડીયો અને કાગળોના પુરાવા સાથે કીમ પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. તેમ છતાં, ઘટનાના દિવસો વીતી ગયા હોવા છતાં કીમ પોલીસ દ્વારા હજુ સુધી કોઈપણ આરોપીની ધરપકડ કે ગાડી રિકવર કરવામાં આવી નથી. પોલીસની આ ઢીલી કામગીરીને લઈને સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગુજરાતમિત્રના પીઢ પત્રકાર ઈકલાબ પટેલનું અવસાન



કામરેજ: કામરેજના ખોલવડના અને હાલ ભરૂચના ટંકારિયા ખાતે રહેતા અને વર્ષોથી ગુજરાતમિત્ર સાથે જોડાયેલા પીઢ પત્રકાર ઈકબાલભાઈ દાઉદભાઈ પટેલને મંગળવારના રોજ ટંકારીયા ખાતે હૃદયરોગનો હુમલો આવતાં અવસાન થયું હતું. જેમના અવસાનથી પત્રકાર જગતમાં ઘેરો શોક વ્યાપી ગયો છે. ઈકબાલભાઈની દફનવિધિ બુધવારે સવારે 9 કલાકે કરવામાં આવી હતી.

### કાકડકુઇ મુકામે આજે મુખ્યમંત્રીની હાજરીમાં સમૂહલગ્ન યોજાશે

નેત્રંગ: નેત્રંગ તાલુકાના કાકડકુઇ સ્થિત માધવ વિદ્યાપીઠ ખાતે ૨૩ એપ્રિલના રોજ વિશ્વબંધુ પરિવાર અને વિદ્યાભારતી વનવાસી શિક્ષણ સમિતિ દ્વારા ભવ્ય સમૂહલગ્ન મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રઋષિ ગુરુવર વિશ્વબંધુ શશિભાનુ રાજયોગીજીના સાંનિધ્યમાં યોજાનારા આ પ્રસંગે ૫૧ જોડાં લગ્નગ્રંથિથી જોડાશે. આ મહોત્સવમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. તેઓ સવારે ૯ કલાકે લાલમંટોડી હેલિપેડ પર ઉતરાણ કરી માધવ વિદ્યાપીઠ પહોંચશે. કાર્યક્રમની વિગત મુજબ સવારે ૧૧:૩૦ કલાકે હસ્તમેળાપ અને ૧૨ કલાકે આશીર્વચન સમારોહ યોજાશે. આ આયોજનને લઈ સ્થાનિક વનવાસી પંથકમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### અનાવલમાં ટેનિસ ક્રિકેટ સ્પર્ધા યોજાઇ



સલીમ દિવાન

ભોરિયા: અનાવલના તળાવમાં મેદાન બનાવી અનાવલના ઝંડા ચોક ગ્રુપ દ્વારા ટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મુખ્ય મહેમાન તરીકે અંબિકા તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઇ કે.સી.પારગી, મહુવા સુગરના ડિરેક્ટર વિપુલભાઈ પટેલ, માજી સરપંચ ઠાકોરભાઈ, ડેપ્યુટી સરપંચ જયદીપભાઇ, પંચાયતના સભ્ય કિશોરભાઈને આમંત્રણ કરવામાં આવ્યું હતું. પીઆઇ અને પોલીસ સ્ટાફે સાથે એક એક ઓવર ક્રિકેટ રમી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

### નિઝરમાં લાખોનો દારૂ ઝડપાયો



કુકરમુંડા: કુકરમુંડા-નિઝર વિસ્તારમાં પોલીસની સતર્કતાને કારણે લાખોનો ગેરકાયદે દારૂ ઝડપાયો છે. નિઝર પોલીસે કેસરપાડા ચોકી પાસે મહારાષ્ટ્ર તરફથી આવતી બોલેરો પિકઅપને આંતરી હતી. તપાસ દરમિયાન વાહનમાંથી રૂ.28.19 લાખની કિંમતની ઈંગ્લિશ દારૂની 8,760 બોટલો મળી આવી હતી. પોલીસે નાશિકના ડ્રાઇવર રમેશ ગાંવિતની ધરપકડ કરી વાહન અને મોબાઈલ સહિત કુલ રૂ.30.74 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હાલ પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### લીંડિયાત નજીક નહેરમાં ડૂબી ગયેલા યુવાનની લાશ જહાંગીરપુરાથી મળી

હથોડા: ગઈકાલે મોડી સાંજે પાલોદ પોલીસ મથક હદ વિસ્તારના લીંડિયાત ગામની હદમાંથી પસાર થતી નહેરમાં સરદાર રઇલાભાઈ પટેલ (ઉં.વ.40) (રહે.,વડોદરા ઘનશ્યામ નગર) ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો. જેની લાશ નહેરના ધસમસતા પાણીમાં છેક 35 કિલોમીટર દૂર સુરતના જહાંગીરપુરા સુધી ઘસડાઈ ગઈ હતી. બુધવારે બપોરે બે કલાકે લાશ મળી આવતાં જહાંગીરપુરા પોલીસે લાશનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ચલથાણ ફ્લેશ ફાયર કેસમાં ઘાયલ ઘરમાલિક અને પાડોશીનું મોત

**ચાર** બાળકો હજુ પણ સારવાર હેઠળ

પલસાણા: પલસાણાના ચલથાણ ગામમાં ખુમાનસિંહ વાડી વિસ્તારમાં બનેલી ગેસ લીકેજની ગંભીર દુર્ઘટનામાં અંતે બેનાં મોત નીપજતાં સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. શુક્રવારના રોજ બનેલી આ દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા ઘર માલિક અને પાડોશી મહિલાએ સારવાર દરમિયાન હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા છે.

ગેસ લીકેજના કારણે થયેલા ભીષણ વિસ્ફોટમાં ઘર માલિક નીરજ મિશ્રા (ઉં.વ.36) અને પાડોશમાં રહેતા દુર્ગાદેવી ગંભીર રીતે દાઝી ગયાં હતાં. ઘટના બાદ તમામ છ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. જો કે, ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન નીરજ મિશ્રા અને દુર્ગાદેવીનું મૃત્યુ નીપજ્યું છે. બીજી તરફ આ ઘટનામાં દાઝી ગયેલા દુર્ગાદેવીનાં ચાર સંતાનો આયુષ્માન, આયુષ, અનુજ અને સુમન હજુ પણ સારવાર હેઠળ છે. આ નિર્દોષ બાળકોની ગંભીર સ્થિતિને જોતા પરિવારજનો અને સ્થાનિકોમાં ભારે ચિંતા જોવા મળી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નીરજ મિશ્રા રસોઈ બનાવ્યા બાદ ગેસ બંધ કરવાનું ભૂલી ગયા હતા, જેના કારણે બંધ ઘરમાં ગેસ ભરાઈ ગયો હતો અને જ્યારે તેમણે ઘરનો દરવાજો ખોલીને લાઈટની સ્વિચ ચાલુ કરી ત્યારે સ્પાર્ક થતાં બ્લાસ્ટ થયો હતો. આ એક નાની ભૂલ એક આખા પરિવાર અને પડોશીઓ માટે જીવલેણ સાબિત થઈ છે. હાલ સમગ્ર વિસ્તાર આ કરુણ ઘટનાથી સ્તબ્ધ છે અને મૃતકોના પરિવારજનો પર આભ ફાટી પડ્યું છે.

# સીમાંકન: માંડવીથી છૂટા પડતાં ટીટોઈમાં ચૂંટણીનો બહિષ્કાર

**અરેઠ** તાલુકામાં સમાવેશના વિરોધમાં ગ્રામજનોએ આંદોલનનું રણશિંગું ફૂંક્યું



હિતેશ પટેલ

માંડવી: માંડવી પ્રાંતના ટીટોઈ ગામમાં તાલુકા પુનર્ગઠનના મુદ્દે વહીવટી તંત્ર સામે ભારે જનઆક્રોશ ફાટી નીકળ્યો છે. રાજ્ય સરકાર દ્વારા ટીટોઈ ગામને માંડવી તાલુકામાંથી અલગ કરી નવા રચાયેલા અરેઠ તાલુકામાં સમાવવામાં આવતાં ગ્રામજનોએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો સામૂહિક બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ અંગે ગ્રામજનોએ નાયબ કલેક્ટર અને ચૂંટણી અધિકારીને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક ધોરણે ગામને પુનઃ માંડવી તાલુકામાં ભેળવી દેવાની માંગણી કરી છે.

ઘટનાની વિગતો મુજબ, ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના સરકારી ગેઝેટ અનુસાર તાલુકાઓના સીમાંકન દરમિયાન ટીટોઈ ગામને અરેઠ તાલુકાનો ભાગ બનાવી દેવાયું હતું. જો કે, ગ્રામજનોનો દાવો છે કે ભૌગોલિક અને વ્યાવહારિક દૃષ્ટિએ આ નિર્ણય અન્યાયકર્તા છે. ટીટોઈથી માંડવી માત્ર ૯ કિમીના અંતરે આવેલું છે, જ્યારે અરેઠ ૧૪ કિમી દૂર છે. ગામના આરોગ્ય, શિક્ષણ, રોજગાર અને સામાજિક સંબંધો દાયકાઓથી માંડવી સાથે જોડાયેલા છે. અરેઠ જવા માટે પૂરતી પરિવહન સુવિધાઓ પણ ઉપલબ્ધ ન હોવાથી સામાન્ય જનતાને હાલાકી ભોગવવી પડે તેમ છે.

આ મામલે ગ્રામજનોએ અગાઉ ગુજરાત હાઈકોર્ટનાં દ્વાર ખખડાવ્યાં હતાં. જેના અનુસંધાને હાઈકોર્ટે ૨૬ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ વહીવટી તંત્રને ચાર મહિનાની અંદર આ વિવાદનો યોગ્ય નિકાલ લાવવા આદેશ કર્યો હતો. તેમ છતાં સમયમર્યાદા વીતવા આવી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ સંતોષકારક કાર્યવાહી ન કરવામાં આવતાં ગામલોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામસભામાં સર્વાનુમતે ઠરાવ પસાર કરી ગ્રામજનોએ સ્પષ્ટ કર્યું છે કે જો તેમની વાજબી માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે, તો ગામનો એક પણ મતદાર મતદાન મથક સુધી નહીં જાય. હવે જોવાનું એ રહે છે કે વહીવટી તંત્ર લોકશાહીના પર્વ પૂર્વે ગામલોકોની આ નારાજગી દૂર કરવામાં સફળ રહે છે કે કેમ?

## ખોલવડમાં ચાલક ભૂલથી ચાવી બાઈકમાં ભૂલી ગયો, ચોર બાઈક લઈ છૂ

કામરેજ: ખોલવડના સિદ્ધિ વિનાયક કોમ્પ્લેક્સ પાસે પાર્ક કરેલી એક મોટરસાઇકલની ચોરી થતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ખોલવડમાં રહેતા વિશાલ નાયક પોતાની હોન્ડા યુનિકોન બાઈક નં.(GJ 05 UE 1521) લઈ મિત્ર સાથે કામ અર્થે ગયા હતા. પાર્કિંગમાં બાઈક મૂકતી વખતે ભૂલથી ચાવી અંદર જ રહી ગઈ હતી. એક કલાક બાદ પરત ફરતા રૂ.80,000ની કિંમતની બાઈક ગાયબ જણાતાં વિશાલે અજાણ્યા શખ્સ સામે કામરેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

## પલસાણાના પરવેઝ પાર્કમાં યુવાનનો આપઘાત

પલસાણા: પલસાણા ગામે પરવેઝ પાર્ક વિસ્તારમાં રહેતા એક ૩૫ વર્ષીય યુવાનનો મૃતદેહ પોતાના જ રૂમમાંથી ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો છે. મૃતકની ઓળખ પંકજ શ્રીરામ સ્નેહી ગુપ્તા તરીકે કરવામાં આવી છે, જેઓ મૂળ ઉત્તરપ્રદેશના બાંદાના પવાઈ ગામના વતની હતા. હાલમાં તેઓ પલસાણાના પરવેઝ પાર્કમાં આવેલી ગોપાલભાઈની બિલ્ડિંગમાં રૂમ નં.૧માં રહેતા હતા. આ બનાવ અંગે રામ હિરારામ રાવત દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવ તા.૨૦ એપ્રિલ-૨૦૨૬ના રોજ રાત્રિના ૧૦.૩૦ વાગ્યાથી ૨૧ એપ્રિલ-૨૦૨૬ના સવારના ૭ વાગ્યાના સમયગાળા દરમિયાન બન્યો હોવાનું સામે આવ્યું છે. મૃતક પંકજે અગમ્ય કારણોસર પોતાના રૂમમાં દોરી વડે પંખા સાથે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધું હતું.

# આર્ટસ ભણીને કમ્પાઉન્ડરની પ્રેક્ટિસ કરી ‘તબીબ’ બન્યો!

**કામરેજના** પરબ ગામે બોગસ ડોક્ટર ઝડપાયો

**પોલીસની** ‘મેડિકલ તપાસ’માં ડોક્ટર પોતે જ ‘બીમાર’!



ઈલ્યાસ શેખ

પલસાણા: સુરત ગ્રામ્યની એસ.ઓ.જી. શાખાએ કામરેજના પરબ ગામેથી ડિગ્રી વગર મેડિકલ પ્રેક્ટિસ કરતા એક બોગસ ડોક્ટરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ૨૧ એપ્રિલ-૨૦૨૬ના રોજ પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે પરબ ગામના સ્ટાર પ્લાઝામાં આવેલી દુકાન નં.૩માં દરોડો પાડવામાં આવ્યો હતો. અહીં રિપન મિલન સરકાર નામનો ૨૬ વર્ષીય યુવાન ‘સીતારામ ક્લિનિક’ નામે દવાખાનું ખોલીને લોકોનાં સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યો હતો. તપાસ દરમિયાન ચોંકાવનારી વિગતો બહાર આવી છે કે આરોપી રિપન સરકાર માત્ર સેકન્ડ યર આર્ટસ સુધી જ ભણેલો છે. તેણે પશ્ચિમ બંગાળની બોનગા હોસ્પિટલમાં બે વર્ષ સુધી કમ્પાઉન્ડર તરીકે નોકરી કરી હતી અને તે અનુભવના આધારે અહીં છેલ્લાં બે વર્ષથી ગેરકાયદે ક્લિનિક ચલાવતો હતો. પોલીસ દરોડા દરમિયાન વલણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.અંકિતા વાણીયાને સાથે રાખવામાં આવ્યા હતા, જેમની હાજરીમાં આરોપી પાસે મેડિકલ ડિગ્રી માંગતા તે રજૂ કરી શક્યો ન હતો. પોલીસે ક્લિનિકમાંથી એલોપેથિક દવાઓ, ઈન્જેક્શન, સ્ટેથોસ્કોપ અને બી.પી. માપવાના મશીન સહિત કુલ ૧૨,૧૦૭.૫૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કામગીરી એસ.ઓ.જી. શાખાના હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ ગાભાભાઈ દ્વારા કરવામાં આવી હતી. હાલ કામરેજ પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર હાર્દિકસિંહ ચૌહાણે વધુ તપાસ હાથ ધરી છે.

# સરભોણમાં ખેતર તરફ જતો રસ્તો ખોદાઈ જતાં મામલતદારને ફરિયાદ

બારડોલી: સરભોણ ગામમાં વહીવટી તંત્રની મંજૂરી કરતાં વધુ માટી ખનન કરવામાં આવતાં ગ્રામજનોના વિરોધ બાદ ગામના જાગૃત નાગરિકો અને ખેડૂતો દ્વારા બારડોલી મામલતદાર કચેરીમાં કરવામાં આવેલી લેખિત રજૂઆત મુજબ, ગામના સરવે નં.૧૦૩માં આવેલા સરકારી તળાવમાં પંચાયત દ્વારા નિર્ધારિત મર્યાદામાં માટી ખનન માટે મંજૂરી આપવામાં આવી હતી. પરંતુ કોન્ટ્રાક્ટરો દ્વારા આ મર્યાદાનો ભંગ કરીને મોટા પાયે ગેરકાયદે રીતે વધુ માટીનું ખોદકામ કરવામાં આવ્યું છે. આ બેફામ ખોદકામને કારણે ખેડૂતો માટે પોતાના ખેતર સુધી પહોંચવાનો મુખ્ય રસ્તો જ ક્ષતિગ્રસ્ત થઈ ગયો છે. ખેડૂતોની રજૂઆત છે કે, ખોદકામ કરતી વખતે નિયમોનું પાલન ન થતાં રસ્તો સંપૂર્ણપણે ખોદાઈ ગયો છે. આને કારણે ખેડૂતોને ખેતીના કામકાજ માટે પોતાના ખેતર સુધી પહોંચવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે અને અવર-જવર કરવી અત્યારે મુશ્કેલ બની ગઈ છે. આ સમગ્ર મામલે યોગ્ય તપાસ કરવા વિનંતી કરી છે.

**જાહેર હરાજી**

**આથી રસ ધરાવતા ઇસમો માટે જિ. પં. શિ. સમિતિ સંચાલિત કોસમ તા. ઓલપાડ જિ. સુરતના જર્જરીત ઓરડા નંગ-૫ તોડવાની તથા કાટમાળ લઇ જવાની જાહેર હરાજી તા. ૩૦/૦૪/૨૦૨૬ને ગુરુવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કોસમ પ્રા.શાળાના પટાંગણમાં રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઇચ્છતા ઇસમોએ હાજર રહેવા વિનંતી છે. અનામતની રકમ રૂ. ૧૦,૦૦૦/- સ્થળ પર જમા કરાવનાર જ હરાજીમાં ભાગ લઇ શકશે. હરાજી શરતોને આધીન રહેશે જેની ઇસમોએ નોંધ લેવી.**

લિ.
ગ્રામપંચાયત તથા SMC
કોસમ, ઓલપાડ, સુરત.

Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm
Lee Cronins The Mummy
12:00pm, 06:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333